ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિ.ના
નિયામક મંડળમાં નિયામકશ્રીની નિમણૂક કરવા અંગે.

ગુજરાત સરકાર
અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગ
ઠરાવ ક્રમાંક: સીએસસી/૧૦૯૭/૨૪૦૨/પાર્ટ-૧/ક
બ્લોક નં.૧૪/૫, સરદારભવન,
સચિવાલય,ગાંધીનગર.
તા.૭ /૧૨/૨૦૧૮

વંચાણે લીધા:-
(૧)મેમોરેન્ડમ એન્ડ આર્ટીકલ ઓફ એસોસીએશન.
(૨)આ વિભાગનો તા.૧૪/૬/૨૦૧૬નો સમાન ક્રમાંકનો ઠરાવ.
(૩)સામાન્ય વહીવટ વિભાગનું તા.૧૭/૦૯/૨૦૧૮નું જાહેરનામું નં. એઆઇએસ/૩૫.૨૦૧૮/૩૩/જી
(૪)સામાન્ય વહીવટ વિભાગનું તા.૨૯/૦૯/૨૦૧૮નું જાહેરનામું નં. એઆઇએસ/૧૩.૨૦૧૮/૩૯૩૦૬૨/જી
(૫)સામાન્ય વહીવટ વિભાગનું તા.૨૯/૦૯/૨૦૧૮નું જાહેરનામું નં. એઆઇએસ/૪૫.૨૦૧૮/૫૬૧૭૦૯/જી
(૬)આ વિભાગનો સરખા ક્રમાંકનો તા.૧૮/૮/૨૦૧૮નો ઠરાવ.
(૭)કંપની ધારો, ૨૦૧૩ની કલમ-૧૪૯.

આમુખ:-

વંચાણે લીધેલ (૨) માં દર્શાવેલ આ વિભાગના તા.૧૪/૬/૨૦૧૭ના ઠરાવથી શ્રીમતિ મનીષા ચંદ્રા, IAS, નિયામકશ્રી, ICDSને તથા શ્રી આર. જી. ત્રિવેદી, IAS, કમિશનરશ્રી, મધ્યાહ્ન ભોજન યોજનાને ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિ.ના નિયામક મંડળમાં નિયામકશ્રી તરીકે નિમણૂક આપવામાં આવેલ હતી. વંચાણે લીધેલ (૩) માં દર્શાવેલ સામાન્ય વહીવટ વિભાગના તા.૧૭/૯/૧૮ના જાહેરનામાંથી શ્રીમતિ મનીષા ચંદ્રા, IASની જગ્યાએ શ્રી એ.એમ.શર્મા, IAS ની નિયામકશ્રી, ICDS તરીકે નિમણૂક કરવામાં આવેલ છે તથા વંચાણે લીધેલ (૪) માં દર્શાવેલ સામાન્ય વહીવટ વિભાગના તા.૨૯/૯/૧૮ના જાહેરનામાંથી શ્રી આર. જી. ત્રિવેદી, IASની સ્વૈચ્છિક નિવૃત્તિને મંજૂરી આપવામાં આવેલ છે અને વંચાણે લીધેલ (૫) માં દર્શાવેલ સામાન્ય વહીવટ વિભાગના તા.૨૯/૯/૧૮ના જાહેરનામાંથી શ્રી આર. જી. ત્રિવેદી, IASની સ્વૈચ્છિક નિવૃત્તિથી ખાલી પડેલ કમિશનરશ્રી, મધ્યાહ્ન ભોજન યોજનાની જગ્યાનો વધારાનો હવાલો શ્રી જે.ડી.દેસાઇ, IAS, નિયામકશ્રી શાળાઓને સોંપવામાં આવેલ છે. વંચાણે

//પાછળ//

લીધેલ (૬) માં દર્શાવેલ આ વિભાગના ઠરાવથી ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિ.ના નિયામક મંડળમાં શ્રીમતિ સંગીતા સિંહ, IAS ના સ્થાને, શ્રી કમલ દયાની, IAS અગ્ર સચિવશ્રી, અ.ના.પુ. અને ગ્રા.બા.વિભાગને નિયામકશ્રી તરીકે નિમણૂક આપવામાં આવતા નિગમના નિયામક મંડળમાં મહિલા નિયામકની જગ્યા ખાલી પડેલ છે. કંપની ધારો, ૨૦૧૩ની કલમ-૧૪૯ની જોગવાઇ મુજબ મહિલા નિયામકની ખાલી પડેલ જગ્યા ત્રણ મહિનાની અંદર ભરવાની રહે છે. જેથી નિગમના નિયામક મંડળમાં મહિલા અને બાળ વિકાસ વિભાગના અને પ્રાથમિક શિક્ષણ વિભાગના પ્રતિનિધિની અને એક મહિલા નિયામકની નિમણૂક કરવાની બાબત સરકારશ્રીની વિચારણામાં હતી.

ઠરાવ:-

આમુખની વિગતે ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિ.ના નિયામક મંડળમાં શ્રીમતિ મનીષા ચંદ્રા, IASની જગ્યાએ શ્રી એ.એમ.શર્મા, IAS, નિયામકશ્રી, ICDS અને શ્રી આર. જી. ત્રિવેદી, IASની જગ્યાએ શ્રી જે.ડી.દેસાઇ, IAS, કમિશનરશ્રી, મધ્યાહ્ન ભોજન યોજનાને નિયામકશ્રી તરીકે નિમણૂક આપવાનું તથા શ્રીમતી પી. ભારથી, IAS, સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટરશ્રી, સર્વ શિક્ષા અભિયાનને મહિલા નિયામકશ્રી તરીકે નિમણૂક આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નયના પટેલ)
નાયબ સચિવ
અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગ,
ગુજરાત સરકાર

પ્રતિ,

(૧)શ્રીમતી પી. ભારથી, IAS, સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટરશ્રી, સર્વ શિક્ષા અભિયાન, સેકટર-૧૭, ગાંધીનગર.

(૨)શ્રી એ.એમ.શર્મા, IAS નિયામકશ્રી (ICDS), મહિલા અને બાળ વિકાસ કમિશનરની કચેરી, બ્લોક નં.૨૦, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૩)શ્રી જે.ડી.દેસાઇ, IAS, કમિશનરશ્રી, મધ્યાહ્ન ભોજન યોજના, બ્લોક નં.૧૪/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૪)શ્રીમતિ મનીષા ચંદ્રા, IAS, હાલ વિદેશ તાલીમમાં,

(૫)શ્રી આર. જી. ત્રિવેદી, IAS, નિવૃત્ત કમિશનરશ્રી, મધ્યાહ્ન ભોજન યોજના, બ્લોક નં.૧૪/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાના:-

(૧)માન.મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, ગાંધીનગર.

(૨)માન. મંત્રીશ્રી, અન્ન અને નાગરિક પુરવઠાના અંગત સચિવશ્રી, ગાંધીનગર.

(૩)મુખ્ય સચિવશ્રીના ઉપ સચિવશ્રી, ગાંધીનગર.

(૪)અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૫)નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા, સચિવાલય, ગાંધીનગર.

(૬)મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિ., સેકટર-૧૦/એ, ગાંધીનગર.

(૭)એ.જી.રાજકોટ/અમદાવાદ.

(૮)પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૯)વિભાગની સર્વે શાખાઓ

(૧૦)સિસ્ટમ મેનેજર, અ.ના.પુ. અને ગ્રા.બા. વિભાગ વેબ સાઇટ પર મુકવા સારૂ.

(૧૧)સીલેક્ટ ફાઇલ.